Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :32• Date : 28-12-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

# બે દિવસ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છની મુલાકાતે



કચ્છ,

આજથી બે દિવસ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છની મુલાકાતે જવાના છે. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી કચ્છમાં વિવિધ ૧૯ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે, આમાં સૌથી મોટુ કચ્છ આઈકૉનિક એસટી બસપોર્ટ પણ સામેલ છે, ૪૦ કરોડના ખર્ચે બનેલા આ અધ્યાધૂનિક આઈકૉનિક એસટી બસપોર્ટનું આજે ઉદઘાટન કરવામાં આવશે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છની મુલાકાતે છે. મુખ્યમંત્રી આજથી બે દિવસ માટે કચ્છની મુલાકાતે છે, જ્યાં મોટા મોટા વિકાસ પ્રૉજેક્ટોને ખુલ્લા મુકવામાં આવશે. કચ્છના જિલ્લા મથક ભૂજમાં નવનિર્માણ પામેલુ આઈકૉનિક એસટી બસપોર્ટનું આજે બપોરે ત્રણ વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના હસ્તે લોકાર્પણ કરશે. ખાસ વાત છે કે, કચ્છનું આ આઈકૉનિક એસટી બસપોર્ટ ૪૦ કરોડના ખર્ચે તૈયાર થયુ છે, આને બનતા લગભગ ૬ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. ખાસ વાત છે કે, આ બસપોર્ટ તમામ પ્રકારની અત્યાધૂનિક સુવિધાઓથી સજ્જ છે. આ આઈકૉનિક બસપોર્ટમાં વિશાળ પાર્કિંગની વ્યવસ્થા છે, આ ઉપરાંત ૪૦૦ લોકોનો સમાવેશ થઈ શકે તેવો મોટો હૉલ, વેઈટિંગ રૂમ સહિતની તમામ સુવિધાથી સજ્જ આ આઈકૉનિક બસપોર્ટને ખાસ રીતે બનાવવામાં આવ્યુ છે. આ બસપોર્ટ એરપોર્ટને ટક્કર આપે તેવું બનાવામાં આવ્યું છે. આની સાથે સાથે મુખ્યમંત્રી ભૂજ ખાતેથી ૧૯ વિકાસકાર્યોનું પણ ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત પણ કરશેદેશ વિદેશમાં એક પ્રતિષ્ઠિત પર્યટન સ્થળ તરીકે વિખ્યાત થઈ ચૂકેલા કચ્છના ધોરડો સફેદ રણમાં હવે પ્રવાસીઓ માટે નવું આકર્ષણ શરૂ કરવામાં આવશે. ૨૬ ડિસેમ્બરે સફેદ રણના વૉચ ટાવર ઉપર કાયમી લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અનાવરણ કરવામાં આવશે. સફેદ રણના બેકગ્રાઉન્ડમાં આ લાઈટ એન્ડ સાઉન્ડ શૉથી એક નયનરમ્ય નજારો જોવા મળશે. વિલેજ થીમ પર સુશોભન દ્વારા પ્રવાસીઓને કચ્છના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિથી પરિચિત કરાવવામાં આવશે.

૨૬ ડિસેમ્બરે સાંજે ૫ વાગ્યે લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું અનાવરણ કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા પણ ઉપસ્થિત રહેશે. અહીં પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ મુખ્યમંત્રી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સામેલ થશે. આ સાથે કચ્છડો ખેલે ખલકમેં થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ, દૈનિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે થીમ પેવેલિયન, ક્રાફ્ટ સ્ટોલ, ખાણી-પીણી બજાર, ક્રિએટિવ ફુડ ઝોન અને સાહસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના પ્રવાસનને વેગ આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ, આકર્ષણો અને અન્ય સુવિધાઓ વિકસિત કરવામાં આવી રહી છે. કચ્છના ધોરડોમાં, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી શરૂ થયેલા રણોત્સવને હવે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે અને કચ્છના અર્થતંત્રને નવી ઊર્જા મળી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૩.૫ લાખ જેટલા પ્રવાસીઓએ સફેદ રણની મુલાકાત લીધી હતી. જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં પોણા બે લાખ જેટલા પ્રવાસીઓ આવી ચૂક્યા છે. અત્યારે, કચ્છમાં ધોળાવીરા, સ્મૃતિવન, રીજનલ સાયન્સ સેન્ટર અને ભુજના ઐતિહાસિક સ્થળોની મુલાકાત પ્રવાસીઓ લઈ શકશે. સફેદ રણમાં પ્રવાસન વિકાસથી, સ્થાનિકોને વિવિધ ક્ષેત્રે રોજગારીની નવી તકો ઉપલબ્ધ બની છે.

કચ્છી ભરતકામ અને હસ્તકલાના નમૂનાઓ પણ દેશ-વિદેશના લોકોમાં પ્રખ્યાત છે. રણોત્સવ થકી કચ્છી હેન્ડિક્રાફ્ટ્સના કલાકારોને પોતાની કલાકૃતિઓને વેચવા માટે એક વૈશ્વિક બજાર મળે છે. ૧૯ ઓક્ટોબરના ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતેં દ્રઉં (યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન)ના ઉપક્રમે યોજાયેલી ‘બેસ્ટ ટૂરિઝમ વિલેજ-૨૦૨૩’ એવોર્ડ સેરેમની કાર્યક્રમ દરમિયાન ભારતમાંથી એકમાત્ર ધોરડોને ‘બેસ્ટ ટૂરિઝમ વિલેજ’નો એવોર્ડ આપવામાં આવ્યો છે.

# અમદાવાદ શહેરમાં દારૂની મહેફિલમાં ૪ રાઉન્ડ ગોળીબાર

## મિત્રો દારૂની મહેફિલ માણી રહ્યા હતા, તે દરમિયાન બબાલ થતાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે

અમદાવાદ,

ગત રાત્રે શહેરના બોપલ વિસ્તારમાં ફાયરિંગની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. દારૂની મહેફિલમાં ફાયરિંગ થયું હોવાની વિગતો સામે આવી રહી છે.

દારૂની મહેફિલમાં ચાર રાઉન્ડ ગોળીબાર થયો હતો. આ મામલે આઠ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી અને આરોપીઓ મિત્રો હતા. આ સમગ્ર મામલે હાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, ગાત મોડી રાત્રે લગભગ એક વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. સાઉથ બોપલમાં આવેલા સેલિબ્રેશન સેન્ટર પાસેનો આ બનાવ છે, જ્યાં ચાર રાઉન્ડ ગોળીબાર થયો હતો.

મિત્રો દારૂની મહેફિલ માણી રહ્યા હતા, તે દરમિયાન બબાલ થતાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી હોય તેવું સામે આવ્યું નથી. જ્યારે ફરિયાદી અને આરોપીઓ મિત્રો હતા અને તમામ લોકો જમીન લે-વેચનું કામ કરે છે.

આ સમગ્ર મામલે આઠ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને કયા કારણોસર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને કોણે ગોળીબાર કર્યો હતો, તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

# રાજકોટમા દીપડાના ડરથી વન વિભાગે ચેતવણી આપી

રાજકોટ,

રાજકોટની ભાગોળે આવેલા વાગુદડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાદ હવે કણકોટ પાસે આવેલા કૃષ્ણનગર વિસ્તારમાં દીપડો દેખાયો હતો. ગઈકાલે સ્થાનિકોએ વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટીમ પહોંચી હતી. વન વિભાગ દ્વારા કૃષ્ણનગર પાસે પાંજરા મૂકવામાં આવ્યા છે. છેલ્લા દસ દિવસથી ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ દ્વારા દીપડાની શોધખોળ ચાલુ છે. દીપડાના વાવડ મળી રહ્યા છે, પણ સગડ નથી મળતા. ૧૦ દિવસથી કવાયત છતા હજુ દીપડો પકડાયો નથી. ૧૦ દિવસથી દીપડો વન વિભાગની ટીમને હંફાવી રહ્યો છે. સ્થાનિકો દ્વારા રોજરોજ લોકેશન આપવામાં આવે છે પરંતુ દીપડાની ભાળ નથી મળતીગામના મિયાવાકી પ્લાન્ટેશન પાસે જ દીપડાએ દેખા દેતા વાગુદળના ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. સાંજના સમયે દીપડો દેખાતા વન વિભાગને જાણ કરાઈ છે અને રાત્રે વન વિભાગ પણ પહોંચી જતા સગડના આધારે દીપડાની ખોજ શરૂ કરી છે.વાગુદળમાં સ્મશાન પાસે જ મિયાવાકીથી વૃક્ષારોપણ કરાયું છે, તે મિયાવાકી પ્લાન્ટેશન બાદ ગાડા માર્ગ આવે છે ત્યાંથી ગામના કેટલાક લોકો પસાર થઈ રહ્યા હતા ત્યારે સાંજે ૭ વાગ્યાના સમયે તેમના વાહનથી ૧૦ ફૂટ દૂર જ દીપડો રસ્તો ઓળંગતો દેખાયો હતો. જેથી ગ્રામજનો એ તુરંત જ સરપંચ મુકેશભાઈ સહિતનાઓને જાણ કરી હતી. જેને લઈને વન વિભાગ સક્રિય થયું હતું.

રાત્રીના સમયે જ દીપડો સૌથી વધુ સક્રિય થતો હોઈ સરપંચ તેમજ વન વિભાગના સ્ટાફ સહિતનાઓએ દીપડાનું લોકેશન મેળવવા પ્રયત્ન કર્યો હતો. અને દીપડો મળ્યા બાદ રેસ્ક્યુ ની કામગીરી પણ કરાવામાં આવશે જેથી ગ્રામ જનો ને કોઈ સમસ્યા ન થાય. મીડિયા સાથે ની વાતચીતમાં **DCF** તુષાર પટેલ એ જણાવ્યું કે દીપડા ને લઈને ફોરેસ્ટ વિભાગે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

## તંત્રી લેખ

# ટાઈમ મશીન : પ્રલયનો ટંકાર અને પર્યાવરણના વિનાશનો હોરર શો

અમેરિકામાં જૂન માસમાં ભારે બરફવર્ષાના કારણે ઉડતા પક્ષીઓ બરફથી જામી ગયા, ખેતી નાશ પામી. યુરોપમાં ભૂખમરો ફેલાયો અને ભોજન માટે લડાઇ શરુ થઇ. ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં પણ રાજકીય અસ્થિરતાનો માહોલ જામ્યો. આયલેન્ડમાં ટાયફોઈડ મહામારી ફેલાઈ. ઋતુઓની અસરના કારણે દુનિયાભરમાં લોકોની પ્રતિરોધક ક્ષમતા લગભગ ક્ષીણ થઈ રહી છે.

વર્ષ ૧૮૧૫માં ઈન્ડોનેશિયામાં માઉન્ટ ટંબોરા જવાળામુખીમાં થયેલ વિસ્ફોટ એ માનવ ઈતિહાસની સૌથી ભયાનક ઘટના હતી. ટંબોરા ફાટવાના કારણે સળગતા અંગારા અને રાખ ૧૦ માઈલ ઉપર સુધી ઉડીને આસપાસના ૧૯ માઈલ વિસ્તારમાં ફેલાઈ હતી. અહીંની હવામાં સલ્ફર ડાઈઓકસાઈડના એરસોલે કબજો જમાવ્યો હતો. જેના કારણે સૂર્યની ગરમી અટકી જવાના કારણે સમગ્ર દુનિયાના તાપમાનમાં ઝડપભેર ઘટાડો જોવા મળ્યો. વરસાદ અને બરફવર્ષાનો પ્રલય છવાયો.

ગત મહિના છેલ્લા અઠવાડિયામાં જર્મની સરકારે એલાન કર્યુ હતું કે, બરફના તોફાનના કારણે લોકો ઘરોમાંથી બહાર ન નીકળે. મયૂનિખ એરપોર્ટ પર અનેક વિમાનો બરફવર્ષામાં ઢંકાઇ ગયા. પૂર્વી યુરોપના બલ્ગેરિયામાં ઠંડીના કારણે ઈમરજન્સી લાદવામાં આવી. અનેક દેશોમાં વીજળી નેટવર્ક ઠપ્પ થવા સાથે યુરોપ માટે અસહ્ય ઠંડી જીવલેણ સાબિત થઈ રહી છે.

બીજી તરફ ભારતમાં ઠંડીની ઋતુમાં પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. અલ નીનોની અસરના કારણે તાપમાન સામાન્યથી વધુ છે. આ વર્ષ ઉનાળો વહેલો શરુ થયો હતો. પર્યાવરણમાં સતત બદલાવના કારણે અનેક દેશોમાં જીવલેણ તોફાનો સર્જાઇ રહ્યા છે. વિશ્વવ્યાપી આ વિષય ઉપર ૧૯૯૪માં ફિલ્મ ફ્રેકેસ્ટાઈન બની હતી. કાલ્પનિક વિષય પર બનેલી આ ફિલ્મ આજે પણ ફિલ્મકારો, લેખકોને પ્રભાવિત કરી રહી છે. આ ફિલ્મમાં એક માથાફરેલ વૈજ્ઞાનિક મરેલા મનુઊયના શરીરને તૈયાર કરીને તેને જીવતો કરે છે. પરંતુ આ માનવ રાક્ષસ પોતાને બનાવનાર વૈજ્ઞટાનિકોને મારીને સમગ્ર આબાદી પર કહેર વરસાવે છે. આજે પણ આ ફિલ્મનું ચરિત્ર વિશ્વના જુદા જુદા દેશોમાં વરસાદ, બફર વર્ષા, દરિયાઈ તોફાનો સહિતના સ્વરુપોએ ત્રાટકી રહયું છે. જેની પાછળનું મુખ્ય કારણ છે પર્યાવરણ સાથેની મનુષ્યની સ્વાર્થી રમત. ટાઈમ મશીન જેવી કાલ્પનિક વાત વાસ્તવમાં ન બને તે માટે, પર્યાવરણના બચાવ અને જતન માટે તાજેતરમાં દુબઈમાં દુનિયાના વિવિધ દેશોના નેતાઓ એકત્ર થયા હતા. પરંયતુ રાસાયણિક શસ્ત્રોની ચકાસણી, યુદ્ધો, દરિયામાં ઠલવાતા ઝેરી તત્વો સહિતની પર્યાવરણને નુકસાની કરનારા માધ્યમોને અટકાવવાની દિશામાં એકમત ન સધાયો. જેના કારણે પર્યાવરણને થઈ રહેલા સતત નુકસાન અને ઓઝોનના સ્તરમાં ચિંતાજનક ફેરફારોના કારણે આગામી સમયમાં દુનિયાને ટાઈમ મશીન ફિલ્મ જેવી સ્થિતિનો કપરો અનુભવ સહેવો પડશેની ગંભીર ચિંતા વૈજ્ઞાનિકો વ્યકત કરી રહ્યા છે.

# વડોદરામાં વધુ એક યુવકે હાર્ટ એટેકથી ગુમાવ્યો જીવ

વડોદરા,

રાજયમાં હાર્ટ એટેકથી યુવાઓના મોતનો સિલસિલો યથાવત છે. વડોદરામાં રાજકોટના યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે. બિઝનેસ ટુર પર આવેલ યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. રાજકોટથી વડોદરા ખાતે યુવાન આવ્યો હતો. ધરમસિંહ પટેડિયા નામના યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે.

યુવકની ઉંમર અંદાજીત ૩૬ વર્ષ છે. રાજકોટનાં નાના મવા મેઈન રોડ સ્થિત સત્યમ એપાર્ટમેન્ટ યુવક રહેતો હતો. સોમવારે છાતીમાં દુખાવો થતા એસીડીટી સમજી દવા કરી ન હતી. મંગળવારે છાતીમાં દુખતા એસ.એસ.જી હોસ્પિટલમાં લવાયો હતો. તબીબોએ સારવાર દરમ્યાન મૃત જાહેર કર્યો હતો. એસિડિટી એ જીવનશૈલી અને આહારમાં વિક્ષેપને કારણે થતી સમસ્યા છે, જે ખૂબ જ અસ્વસ્થ પરિસ્થિતિ હોઈ શકે છે. એસિડિટીના કારણે પાચન સંબંધી અનેક સમસ્યાઓનો ખતરો રહે છે. આમાં હાર્ટબર્ન, પેટમાં દુખાવો અને ખેંચાણ જેવી સમસ્યાઓ સામાન્ય રીતે ખાધા પછી શરૂ થાય છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે એસિડિટીનું મુખ્ય કારણ ખોરાકને યોગ્ય રીતે પચવામાં અસમર્થતા છે. તેના લક્ષણો પર ધ્યાન આપવું અને સમયસર સારવાર લેવી જરૂરી છે.

### બે હજાર પરિવાર બારે માસ બનાવે છે પતંગ

# ખંભાત વર્ષોથી પતંગ બનાવવા માટે જાણીતું છે

## નાની ચુનારવાડ અને મોટી ચુનારવાડ વિસ્તારમાં ઘેર-ઘેર પતંગ બનવાનો ગૃહ ઉદ્યોગ ચાલે છે



આણંદ,

ઉત્તરાયણ પર્વ નજીક આવતા જ પર્વને અનુરૂપ ચીજવસ્તુઓનું બજારોમાં આગમન થયું છે. આણંદનું છેવાડાનું શહેર ખંભાત વર્ષોથી પતંગ બનાવવા માટે જાણીતું છે.

પતંગ ઉદ્યોગથી ૨ હજાર પરિવારો પોતાનું ગુજરાન ચલાવે છે. ખંભાત શહેરના રેલવે સ્ટેશન પાસે મોટી ચુનારવાડ અને નાની ચુનારવાડના ૨ હજાર પરિવારો ૧૨ મહિના પતંગ બનાવવાના ગૃહ ઉદ્યોગ દ્વારા તેમની આજીવિકા મેળવી રહ્યા છે. જો કે આ વર્ષ પતંગના રો મટીરીયલના ભાવમાં વધારો થવાથી આ વર્ષ ઉતરાયણ મોંઘી બનશે તેવું પતંગ વ્યવસાયકારોનું કહેવું છે. મધ્ય ગુજરાતના આણંદ જિલ્લાનું છેવાડાનું શહેર ખંભાતનો પતંગ ઉદ્યોગ ૨ હજાર પરિવારની રોજીરોટીનો આધાર બન્યો છે. પતંગ બનાવવાનો મોસમી વ્યવસાય કાયમી ગૃહ ઉદ્યોગમાં પરિવર્તિત થયો છે. ખંભાત શહેરના રેલવે સ્ટેશન પાસે મોટી ચુનારવાડ અને નાની ચુનારવાડના ૨ હજાર પરિવાર ૧૨ મહિના પતંગ બનાવવાના ગૃહ ઉદ્યોગ દ્વારા તેમની આજીવિકા મેળવી રહ્યા છે. ખંભાત શહેરના મોટી ચુનારવાડ અને નાની ચુનારવાડ વિસ્તારમાં પતંગ બનાવવાનો ગૃહ ઉદ્યોગ વિકસ્યો છે. નાની ચુનારવાડ અને મોટી ચુનારવાડ વિસ્તારમાં ઘેર-ઘેર પતંગ બનવાનો ગૃહ ઉદ્યોગ ચાલે છે. ચુનારા સમાજની મહિલાઓ પણ આ પતંગ વ્યવસાયમાં પતંગ બનાવી તેમનું યોગદાન આપે છે. ખંભાતી પતંગ સમગ્ર ગુજરાતમાં પતંગ રસિકોની પહેલી પસંદ છે અને સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. જોકે, આ વર્ષે પતંગના રો મટીરીયલના ભાવમાં વધારો થવાથી ઉત્તરાયણ મોંઘી બનશે તેવું પતંગ વ્યવસાયકારોનું કહેવું છે.

### રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન

# માત્ર ધોની નહીં, રાહુલનું પણ નંબર ૭ સાથે કનેક્શન

## ધોનીનો લકી નંબર ૭ માનવામાં આવે છે પરંતુ રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન બનાવ્યા છે

નવી દિલ્હી,

સેન્ચુરિયનમાં બોક્સિંગ ડે ટેસ્ટના પ્રથમ દિવસે દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલરો સામે ભારતીય બેટ્સમેનો ભારે મુશ્કેલીમાં જોવા મળ્યા હતા.પહેલા દિવસે સ્ટમ્પના સમયે ભારતીય ટીમનો સ્કોર ૮ વિકેટે ૨૦૮ રન હતો. આઠ વિકેટે રન અને કેએલ રાહુલ (૭૦) અને મોહમ્મદ સિરાજ (૦ની જોડી) વિકેટ પર હતા.

રાહુલ (KL રાહુલ) વિશે વાત કરીએ તો, તે ભારતીય ઈનિંગ્સમાં અડધી સદી ફટકારનાર એકમાત્ર બેટ્સમેન છે અને તેના મહત્વપૂર્ણ યોગદાનને કારણે ટીમ ૨૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહી છે. ટેસ્ટમાં પ્રથમ વખત વિકેટકીપર તરીકે આવેલા રાહુલે અત્યાર સુધીમાં ૧૦૫ બોલનો સામનો કર્યો છે અને ૧૦ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૭૦ રન બનાવ્યા છે. એક સમયે ૧૨૧ રનમાં ૬ વિકેટ્સ ગુમાવી દીધા બાદ સંઘર્ષ કરી રહેલી ટીમને લોકેશે સહારો પૂરો પાડ્યો હતો. આપી અને પહેલા શાર્દુલ ઠાકુર સાથે સાતમી વિકેટ માટે ૪૩ રન અને પછી બુમરાહ સાથે આઠમી વિકેટ માટે ૨૭ રન જોડ્યા હતા. રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન બનાવ્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં તેની સાથે 'સાત'નું વિચિત્ર સંયોજન જોડાયેલું છે. ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી તે સાત વખત ૦ પર, સાત વખત ૨ અને સાત વખત ૧૦ રનમાં આઉટ થયો છે.આટલું જ નહીં, ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધીમાં તેના નામે સાત સદી નોંધાઈ છે. લોકેશ રાહુલ સાત વખત ૦ પર, સાત વખત ૨ અને સાત વખત ૧૦ રનમાં આઉટ થયો છે. અત્યાર સુધીમાં તે વિશાખાપટ્ટનમ, સાઉથમ્પ્ટન અને લીડ્ઝ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે, રાજકોટ અને પોર્ટ ઓફ સ્પેન ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે, પર્થ ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં અને જોહાનિસબર્ગ દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટમાં ૦ રને આઉટ થયો હતો.

શ્રીલંકા સામેની ટેસ્ટમાં ત્રણ વખત અને ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ સામેની ટેસ્ટમાં બે વખત બે રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો. તેવી જ રીતે, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને બાંગ્લાદેશ સામેની ટેસ્ટમાં તે બે વખત અને એક વખત ઓસ્ટ્રેલિયા સામે ૧૦ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો છે.

### દારૂ પીવાની છૂટ બાદ ગિફ્ટ સિટી ક્લબની વધી ડિમાન્ડ

# ગિફ્ટ સિટી ક્લબની મેમ્બરશીપ ચાર્જ રૂપિયા ૭ લાખ

## ગિફ્ટ સિટી ક્લબની મેમ્બરશીપ ચાર્જ રૂપિયા ૭ લાખ હોવા છતાં ૪૮ કલાકમાં જ નવા ૧૦૭ સભ્યો નોંધાયા છે



ગાંધીનગર ,

ગાંધીનગર ગિફ્ટસિટી ક્લબમાં હાલ મેમ્બરશીપનો ભાવ ૭ લાખ છે. રાજ્ય સરકારે અહીં દારૂ પીવાની છૂટ આપતા ગિફ્ટસિટી ક્લબમાં માત્ર ૪૮ કલાકમાંજ ૧૦૭ લોકોએ મેમ્બરશીપ મેળવી લીધી છે. વિગતો મુજબ ગિફ્ટસિટી ક્લબે મેમ્બરશીપ માં જ રૂ .૭.૪૯ કરોડની કમાણી કરી લીધી છે. નોંધનિય છે કે, અત્યાર સુધીમાં ગિફ્ટસિટી ક્લબમાં મેમ્બર્સની સંખ્યા વધીને ૨૩૦૦ સુધી પહોંચી ગઈ છે.

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ ટેક સીટી (GIFT City)એ ગ્લોબલ ફાઈનાન્સીયલ અને ટેકનોલોજીનું હબ છે. જે આર્થિક ગતિવિધીઓથી ધમધમે છે. ગ્લોબલ ઈનવેસ્ટર, ટેકનીકલ એક્ષપર્ટ તેમજ ગીફટ સીટી ખાતે સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની કંપનીઓ માટે ગ્લોબલ બીઝનેસ ઈકોસિસ્ટમ પ્રોવાઈડ કરવાના હેતુથી સમગ્ર ગીફટ સીટી વિસ્તારમાં "વાઈન એન્ડ ડાઈન" ફેસીલીટી ઉપલબ્ધ કરાવવા માટે પ્રોહીબીશનના નિયમોમાં ફેરફાર કરવા ઉચ્ચકક્ષાએ મહત્વનો નિર્ણય થયેલ છે.

આ છૂટછાટ મુજબ સમગ્ર ગીફટ સીટીમાં કામ કરતાં બધા કર્મચારીઓ/માલિકોને લીકર એકસેસ પરમીટ આપવામાં આવશે. જેના દ્વારા તેઓ આવી "વાઈન એન્ડ ડાઈન" આપતી ગીફટ સીટીની હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબમાં લીકરનું સેવન કરી શકશે. આ સિવાય દરેક કંપની જેને ઓથોરાઈઝ કરે તેવા મુલાકાતીઓને પણ ટેમ્પરરી પરમીટથી આવી હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબમાં જે-તે કંપનીના કાયમી કર્મચારીની હાજરીમાં લીકરનું સેવન કરવા દેવાની જોગવાઈ કરવામાં આવી છે.

GIFT City ખાતે આવેલ કે આવનાર હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબ પોતાને ત્યાં વાઈન એન્ડ ડાઈન ફેસીલીટી એટલે કે એફ.એલ.૩ પરવાના મેળવી શકશે. GIFT City ખાતે અધિકૃત રીતે કામ કરતા કર્મચારીઓ અને અધિકૃત રીતે મુલાકાત લેતા મુલાકાતીઓ હોટેલ/કલબ/રેસ્ટોરેન્ટમાં લીકરનું સેવન કરી શકશે. પરંતુ, હોટેલ/કલબ/રેસ્ટોરેન્ટ લીકરની બોટલનું વેચાણ કરી શકશે નહિ. સમગ્ર પ્રક્રીયામાં નશાબંધી અને આબકારી વિભાગ, ગુજરાત રાજ્ય GIFT City વિસ્તાર ખાતે આવેલ એફ.એલ.૩ પરવાના ધરાવતી હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબ દ્વારા કરવામાં આવતા લીકરના આયાત, સંગ્રહ અને તેના દ્વારા પીરસવામાં આવતાં લીકર અંગે દેખરેખ તેમજ નિયંત્રણની કામગીરી કરશે.

# કાલાવડ પંથકમાંથી ૧૮૬૦ વિદેશી દારુની બોટલ ઝડપાઈ

જામનગર,

જામનગર પંથકમાંથી ફરી એક વાર મોટા પ્રમાણમાં વિદેશી દારુ ઝડપાયો છે. જામનગરના કાલાવડમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી પહેલા પોલીસએ મોટી કાર્યવાહી કરી છે.

તો કાલાવડ પંથકના કોઠા ભાડુકિયા ગામની સીમમાંથી ૧૮૬૦ બોટલ વિદેશી દારુની ઝડપાઈ છે. રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા પણ અવારનવાર ઝડપાતા હોય છે. ત્યારે જામનગર પંથકમાંથી ફરી એક વાર મોટા પ્રમાણમાં વિદેશી દારુ ઝડપાયો છે. જામનગરના કાલાવડમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી પહેલા પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તો કાલાવડ પંથકના કોઠા ભાડુકિયા ગામની સીમમાંથી ૧૮૬૦ બોટલ વિદેશી દારુની ઝડપાઈ છે. જેમાં ૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તો એક આરોપી ફરાર થયો છે. તો બીજી તરફ દ્વારકાના ભાણવડ પંથકમાં દારુની ભઠ્ઠી પર પોલીસે દરોડા પાડ્યા છે. જેમાં પોલીસના દરોડામાં ૬ હજાર લીટર દારુનો આથો અને દેશી દારુનો જથ્થો ઝડપાયો છે. તો ભાણવડ પંથકમાં પોલીસના દરોડા પડતા ૨ આરોપી ફરાર થઈ ગયા છે. જો કે બરડા ડુંગરના કાનમેરા વિસ્તારમાં આ દારુની ભઠ્ઠી હતી

# સુરતમાં ઓસ્ટ્રેલિયન પક્ષીઓ સુરતી ગાંઠીયા ખાવા આવ્યા

સુરત,

સુરતમાં ઓસ્ટ્રેલિયન પક્ષીઓ સુરતી ગાંઠીયા ખાવા આવે છે. ગાંઠીયા માત્ર સુરતીઓ કે સુરતથી બહારથી આવનાર લોકોને જ નહીં પરંતુ વિદેશથી આવનાર પક્ષીઓને પણ આટલી હદે ગમી ગયા છે કે તેઓ જલના જીવ જંતુ ખાવાના બદલે આ ગાંઠીયા વધારે ખાવાનું પસંદ કરી રહ્યા છે.

શિયાળામાં ગુજરાતના ઘણા વિસ્તારોમાં વિદેશથી પક્ષીઓ આવતા હોય છે.ગુજરાતમાં પાણી આચ્છાદિત વિસ્તારોમાં આ પક્ષીઓ આવીને વસવાટ કરતા હોય છે. શિયાળાની મજા માણવા હજારો કિલોમીટરનું અંતર કાપી વિદેશી પક્ષીઓ સૂર્યપુત્રી તાપી નદીના તટે આવતા હોય છે. જો કે મહત્વની વાત એ છે કે આ પક્ષીઓ સુરતી ગાંઠીયા ખાવા પડાપડી કરતા જોવા મળે છે.સુરતમાં ઓસ્ટ્રેલિયન પક્ષીઓ સુરતી ગાંઠીયા ખાવા આવે છે. ગાંઠીયા માત્ર સુરતીઓ કે સુરતથી બહારથી આવનાર લોકોને જ નહીં પરંતુ વિદેશથી આવનાર પક્ષીઓને પણ આટલી હદે ગમી ગયા છે કે તેઓ જલના જીવ જંતુ ખાવાના બદલે આ ગાંઠીયા વધારે ખાવાનું પસંદ કરી રહ્યા છે. આ ઓસ્ટ્રેલિયન પક્ષીઓ ખાસ કરીને પ્રજજન કરવા ટાપુ જેવા સ્થળો વધુ પસંદ કરતાં હોય છે.આ પક્ષીઓનું મહત્વનું અને જાણીતું સ્થળ તાપી તટ બની ચૂક્યું છે. અહીં આવેલા આ વિદેશી પક્ષીઓ ગાંઠિયા સહેલાઈથી પચાવી રહ્યા છે. રાજ્યમાં શિયાળાની ઋતુ શરૂ થતાની સાથે જ વિદેશી પક્ષીઓની મોટું ઝુંડ અહીં જોવા મળી રહ્યું છે.

### ૩૧ ડિસેમ્બર પૂર્વે અગમચેતીના ભાગરૂપે મેગા કોમ્બિંગ

# ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે શંકાસ્પદ સીમેન્ટનો જથ્થો કબ્જે કર્યો

ભરૂચ,

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે શંકાસ્પદ સીમેન્ટનો જથ્થો કબ્જે કર્યો છે. ૧૪,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતના મુદ્દામાલ સાથે એક વ્યક્તિને ઝડપી પાડી ભરૂચ એસ.ઓ.જી.એ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાહનમાંથી ૫૦૦ બેગ સિમેન્ટ મળી આવી હતી જેના બિલ કે માલિકી પુરવાર કરતા કોઈ દસ્તાવેજ મળી આવ્યા ન હતા. પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા વિભાગ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સ્પેકટર એ.એ.ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેકટર એમ.વી.તડવીએ પોતાની ટીમને કાર્યરત કરતા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ અંકલેશ્વર શહેર વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા સક્રિય ભૂમિકા હાથ ધરી છે.બાતમી આધારે ખાપર નંદુરબાર (મહારાષ્ટ્ર) ખાતેથી ટાટા ટ્રક નંબર **GJ**-૧૭-**XX**-૧૮૯૦માં વગર બીલ- બિલ્ટીની શંકાસ્પદ સીમેન્ટની બેગો ચૌટા બજાર અંકલેશ્વર ખાતે આવનાર છે જે માહિતી આધારે વોચમાં રહેતા બાતમી મુજબની ટાટા ટ્રક નં- **GJ**-૧૭-**XX**-૧૮૯૦ આવતા તેને રોકી ચેક કરતા તેમા અલ્ટ્રાટેક સીમેન્ટની બેગ નંગ-૫૦૦ મળી આવી હતી. આ સિમેન્ટ અંગે અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીની બેગોના ખરીદ બીલ કે આધાર પુરાવા બાબતે પુછતા સંતોષકારક જવાબ મળ્યો હતો નહી.અલ્ટ્રાટેક સીમેન્ટની બેગ છળકપટ અથવા ચોરીથી મેળવેલ હોવાનુ પ્રથમ દ્રષ્ટ્રીએ જણાઈ આવતા સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ તેમજ સદર ઈસમને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામા આવેલ અને આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ભરૂચ દ્વારા કરવામાં આવી રહેલ છે. પોલીસે સિમેન્ટ અને ટેમ્પો મળી કુલ કિંમત રૂપિયા ૧૪,૦૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મુઝાહિદહુશેન ગુલામહુશેન મકરાણી ઉ.વ.૩૨ રહેવાસી રાજમોઈ બડી, તા.અકકલકુવા, જિ.નંદુરબારની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આ કાર્યવાહીમાં પોલીસ ઈન્સ્પેકટર એ.એ.ચૌધરી તથા પો.ઈન્સ. એમ.વી.તડવી એ જહેમત ઉઠાવી હતી.

# સુશાંતને કોઈ બીજા સાથે કિસ કરતાં જોઈને અંકિતા ગુસ્સે થતી

મુંબઈ,

અંકિતા લોખંડે જ્યારથી 'બિગ બોસ ૧૭નો હિસ્સો બની છે, ત્યારથી જ તે થોડાં-થોડાં સમયે સુશાંત સિંહ રાજપૂત સાથે સંબંધિત યાદગાર કિસ્સા ઓડિયન્સ સાથે શેર કરી રહી છે. શોના લેટેસ્ટ એપિસોડમાં અંકિતાએ સુશાંતના ઈન્ટીમેટ સીન કરવા અને તેનાથી પોતાના પર પડેલા પ્રભાવ વિશે વાત કરી. અંકિતાએ ખુલાસો કર્યો કે તે ત્યારે ડેટિંગ કરી રહી હતી જ્યારે સુશાંતે 'શુદ્ધ દેસી રોમાન્સ' અને 'પીકે'માં કામ કર્યુ હતું. શુદ્ધ દેસી રોમાન્સમાં સુશાંત પરિણીતી ચોપરા અને વાણી કપૂર સાથે જ્યારે 'પીકે'માં અનુષ્કા શર્મા સાથે ઈન્ટીમેટ અને રોમેન્ટિક સીન કરતો જોવા મળ્યો હતો. અંકિતા લોખંડેએ કહ્યું કે તે જાણતી હતી કે આ ફિલ્મોમાં સુશાંત સિંહ રાજપૂતના ઈન્ટિમેટ સીન છે, પરંતુ જ્યારે પણ તે સુશાંતના રોમેન્ટિક અને ઈન્ટિમેટ સીન જોતી તો તે અસહજ થઈ જતી હતી. અંકિતાએ 'પીકે'માં સુશાંત અને અનુષ્કાના કિસિંગ સીન પર રિએકશન આપ્યું. અંકિતાએ અભિષેક કુમાર અને આયેશા ખાનને પોતાની અસહજતા વિશે જણાવ્યું હતું. અંકિતા લોખંડેએ કહ્યું, જ્યારે મેં પીકે જોઈ ત્યારે મને ચક્કર આવવા લાગ્યા. અંકિતાએ એ પણ જણાવ્યું કે જ્યારે તેણે તેને 'શુદ્ધ દેશી રોમાન્સ'માં ઘણા ઈન્ટિમેટ સીન કરતા જોયો ત્યારે તેનું દિલ તૂટી ગયું હતું.

# નોકરીની લાલચ આપી ૨૭ લોકો પાસેથી પડાવ્યા ૧.૫૪ કરોડ

ગાંધીનગર,

ગાંધીનગર સચિવાલયમાં ફોટો કોપી મશીનના ઓપરેટરે સરકારી નોકરીની લાલચ આપીને ૨૭ લોકો સાથે ૧.૫૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધવામાં આવી છે. મળતી જાણકારી અનુસાર, ગાંધીનગર સચિવાલયમાં ફોટો કોપી મશીનના ઓપરેટર શૈલેષ ઠાકોરે નોકરીની લાલચ આપી ૨૭ લોકો પાસેથી રૂપિયા ઉઘરાવ્યા હતા.

રૂપિયા લીધાના દોઢ વર્ષ સુધી નોકરી કે એપોઈન્ટમેન્ટ લેટર નહીં મળતા આ મામલે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી શૈલેષ ઠાકોર **GSPC**ના અધિકારી અને દિલ્હીના **IAS** અધિકારીનું નામ આપી છેતરપિંડી આચરતો હતો. જેથી ચાંદખેડામાં રહેતા અને અને ઝેરોક્ષ મશીનનું મેઈન્ટેનન્સનું કામ કરનાર અમિત ભાવસારે સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપ છે કે શૈલેષ ઠકોરે અમિત ભાવસારના ઓળખીતા ૨૭ લોકો સાથે છેતરપિંડી આચરી હતી.

શૈલેષ વર્ગ ૩ની નોકરી અપાવવા પાંચ રૂપિયા લેતો હતો. ડ્રાઈવરની નોકરી માટે ચાર લાખ અને પટ્ટાવાળાની નોકરી માટે લોકો પાસેથી બે લાખ રૂપિયા ઉઘરાવતો હતો. પરંતુ શૈલેષે એક પણ વ્યક્તિને નોકરી અપાવી નહોતી. આ અંગે જ્યારે તેને પૂછવામાં આવતું ત્યારે તે ગોળ ગોળ જવાબો આપી થોડો સમય માંગતો હતો. દોઢ વર્ષ સુધી કોઈ વ્યક્તિને નોકરી ના મળતા અમિતભાઈએ શૈલેષ વિરુદ્ધ સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જો કે ૨૭ લોકો સાથે ૧.૫૪ કરોડથી વધુની છેતરપિંડી કરનાર શૈલેષ ઠાકોર હાલ ફરાર છે. રાજ્ય સરકારે ગિફ્ટ સિટીમાં અમૂક નિયમોને આધીન દારૂની છૂટછાટ આપી છે, હવે આનું રિએક્શન ગિફ્ટ સિટીની પ્રૉપર્ટીમાં વધારા સાથે આવી રહ્યું છે, હાલમાં જ સમાચાર મળી રહ્યાં છે કે, દારૂની છૂટછાટના સમાચારોની વચ્ચે ત્યાં પ્રૉપર્ટીના ભાવમાં ૧૦ ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. ગાંધીનગર નજીક આવેલા ગિફ્ટ સિટી એરિયામાં રાજ્ય સરકારે થોડાક દિવસો પહેલા જ દારૂની છૂટછાટ આપી છે. ગિફ્ટ સિટીમાં દારૂની છૂટછાટ આપ્યા બાદ હવે ત્યાં પ્રોપર્ટીના ભાવમાં ૧૦ ટકાનો ઉછાળો આવ્યો છે, એટલું જ નહીં પ્રોપર્ટીની ઈક્વાયારીમાં પણ ૨૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ગાંધીનગર ક્રેડાઈના પ્રમુખ કિરણ પટેલે કર્યો સૌથી મોટો ખુલાસો કર્યો છે, તેમને કહ્યું કે, દારૂની છૂટ માત્ર ગિફ્ટ સિટીમાં ઝમ્ઢ એરિયા પૂરતી જ છે, ગિફ્ટ સિટીના વિસ્તરણ માટે વાઈન એન્ડ ડાઈનની નથી, ફેઝ ૨ના નિયમોમાં સરકારે પૂનઃ વિચારણાની જરૂર છે. ફેઝ ૨માં સરકારે ૭ માળની જ મંજૂરી આપી છે. ફેઝ ૨માં **FSI** પણ ઓછી રાખી છે, કપાત અંગે પણ નક્કી કર્યું નથી. આ ત્રણ નિયમોના કારણે બિલ્ડર, ખેડૂત અને ગ્રાહક ત્રણેયને નુકશાન થશે. દારૂની છૂટનો નિર્ણય આવકાર્ય છે, નાની મોટી અડચણો દૂર થશે.

## ૬ અધિકારીઓને કરાયા સસ્પેન્ડ

# જેટકો પરીક્ષામાં ગેરરીતિ મામલે મોટી કાર્યવાહી

### જેટકોના એમડી સાથેની બેઠક નિષ્ફળ જતા આંદોલન ઉગ્ર બન્યુ હતું, આજે મોટી સંખ્યામાં ઉમેદવારોએ જેટકોના એમડીને રજૂઆત કરી હતી



અમદાવાદ,

ભરતી પરીક્ષાના વિવાદ બાદ જેટકોએ મોટી કાર્યવાહી કરી હતી. મળતી જાણકારી અનુસાર, પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે જેટકોના ૬ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાયા હતા. એન્જિનિયર અને ડેપ્યુટી એન્જિનિયર કક્ષાના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટ પ્રક્રિયામાં મહેસાણા, ધાનેરાના અધિકારીઓની બેદરકારી સામે આવતા સસ્પેન્ડ કરાયા હતા.

સસ્પેન્ડેડ અધિકારીઓમાં મહેસાણા ડિવીઝનના ડેપ્યુટી ઈજનેર કે.એચ.પરમાર, ધાનેરાના કાર્યપાલક ઈજનેર એસ.આર. યાદવ, મહેસાણાના કાર્યપાલક ઈજનેર બી.જે. ચૌધરી ઉપરાંત અન્ય ત્રણ અધિકારીનો સમાવેશ થાય છે. પરીક્ષા રદ કરવાની પરિસ્થિતિ, જેટકો તથા સરકારની થયેલી બદનામી મુદ્દે અધિકારીઓને જવાબદાર ઠેરવી ચીફ એન્જિનિયર એ.બી. રાઠોડે ૬ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. જેટકોના એમડી સાથેની બેઠક નિષ્ફળ જતા આંદોલન ઉગ્ર બન્યુ હતું.

આજે મોટી સંખ્યામાં ઉમેદવારોએ જેટકોના એમડીને રજૂઆત કરી હતી પરંતુ આ બેઠક નિષ્ફળ રહી હતી. બાદમાં હવે ઉમેદવારોએ જાહેરાત કરી હતી કે હવે પોલ ટેસ્ટ આપ્યા બાદ ગાંધીનગરમાં આંદોલન કરાશે. જેટકોએ લીધેલ વિદ્યુત સહાયક ભરતી માટેની પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ પરીક્ષા રાજકોટ, ભરૂચ, મહેસાણા સેન્ટરમાં લેવામાં આવી હતી. ભરતીની પ્રક્રિયામાં ગેરરીતિ થઇ હોવાની ફરિયાદો ઉઠી હતી. ફરિયાદ બાદ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે પોલ ટેસ્ટની પરીક્ષા સમયે ગેરરીતિ આચરવામાં આવી હતી. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેમના માટે જ ફરીથી પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેટકોએ લીધેલ વિદ્યુત સહાયક ભરતી માટેની પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ પરીક્ષા રાજકોટ, ભરૂચ, મહેસાણા સેન્ટરમાં લેવામાં આવી હતી. ભરતીની પ્રક્રિયામાં ગેરરીતિ થઇ હોવાની ફરિયાદો ઉઠી હતી. ફરિયાદ બાદ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે પોલ ટેસ્ટની પરીક્ષા સમયે ગેરરીતિ આચરવામાં આવી હતી. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેમના માટે જ ફરીથી પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# સુરતની ૮૦૦ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી

સુરત,

સ્કૂલ ફીને લઈને **FRC**ને પણ ઘોળીને પી જનારી ૮૦૦ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે. સાત દિવસમાં જવાબ નહિ મળે તો કચેરીએ ઉપર હાજર થવું પડશે. ખાનગી સ્કૂલોએ **FRC** સમક્ષ ફી વધારા માટે દરખાસ્ત કરવાની હોય છે. તથા ફી વધારો ન કરનારીએ એફિડેવિટ કરવાની હોય છે. પરંતુ દક્ષિણ ગુજરાતની ૮૦૦થી વધુ ખાનગી સ્કૂલોએ કોઈ એફિડેવિટ કરી જ નથી.

જેને કારણે **FRC**એ આ ખાનગી સ્કૂલોનું લિસ્ટ કાઢીને ડીઈઓ ડો. દીપક દરજીને મોકલી આપ્યું હતું. જેથી તેઓએ ૮૦૦થી વધારે ખાનગી સ્કૂલોને નોટિસ ફટકારી છે. જેમાં એફિડેવિટ કે દરખાસ્ત ન કરવા પાછળનું કારણ પુછાયું છે. જેમાં ૬૦ ટકા ખાનગી સ્કૂલોએ નોટિસનો જવાબ આપ્યો છે. જ્યારે ૪૦ ટકાએ હજી સુધી જવાબ આપ્યો નથી. **RTE** હેઠળ ખોટા દસ્તાવેજોના આધારે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના વાલીઓએ ચેતી જવાની જરૂર છે. અમદાવાદમાં ખોટા દસ્તાવેજ જમા કરીને પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા છે.

**RTE** હેઠળ બોગસ દસ્તાવેજોના આધારે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના વાલીઓ સામે કાર્યવાહી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કાર્યવાહી કરી છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ૫૮ વિદ્યાર્થીના પ્રવેશ રદ કર્યા છે. શિક્ષણ વિભાગને મળેલી ફરિયાદના આધારે શંકાસ્પદ વિદ્યાર્થીઓના વાલીઓની તપાસ કરવામાં આવી હતી. આવા વાલીઓને રૂબરૂ બોલાવી દસ્તાવેજની ચકાસણી કરવામાં આવી હતી. આઈટી રિટર્નની તપાસ કરાતા વાલીઓની આવક દોઢ લાખથી વધુ જોવા મળી હતી. જોકે, વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ચાલુ શૈક્ષણિક વર્ષ સુધી જે-તે સ્કૂલમાં અભ્યાસ કરી શકશે. પરંતુ નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ રદ ગણાશે.

# અરવિંદ કેજરીવાલ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવશે

અમદાવાદ,

સંદીપ પાઠકે વધુમાં જણાવ્યું હતું કે ચૈતર વસાવા લોકોના પ્રિય નેતા છે. ત્યારે અરવિંદ કેજરીવાલ તેમના મત વિસ્તારમાં જનસભા સંબોધશે. અરવિંદ કેજરીવાલની સાથે પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન પણ ઉપસ્થિત રહેશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી બાદ અરવિંદ કેજરીવાલ પહેલીવાર ગુજરાત આવશે.

દિલ્હીના મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવશે. અરવિંદ કેજરીવાલ ૭ જાન્યુઆરીએ ગુજરાત આવશે. આ દરમિયાન ચૈતર વસાવાના મત વિસ્તારમાં જનસભા કરશે. ગુજરાત **AAP**ના પ્રભારી સંદીપ પાઠકે આ અંગે માહિતી આપી છે. સંદીપ પાઠકે વધુમાં જણાવ્યું હતું કે ચૈતર વસાવા લોકોના પ્રિય નેતા છે. ત્યારે અરવિંદ કેજરીવાલ તેમના મત વિસ્તારમાં જનસભા સંબોધશે. અરવિંદ કેજરીવાલની સાથે પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન પણ ઉપસ્થિત રહેશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી બાદ અરવિંદ કેજરીવાલ પહેલીવાર ગુજરાત આવશે.

Publisher, Printer and Owner : Vijyaben V. Sisodiya • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya